# ટેન્ડર નોટીસ

## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬૪૫૦

### બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો, સાગ અને અકેસીયા હાઈબ્રીડના ઉભા વૃક્ષોની કાપણી માટેની જાહેર હરાજી બાબત

આથી લાગતા વળગતા લાકડાના વેપારીઓ અને રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે, કે વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬૪૫૦ ખાતે (૧) બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો (વૃક્ષો-૪૬) (૨) સાગના વૃક્ષો (વૃક્ષો-૪૦) અને (૩) બંગાળી બાવળ (અકેસીયા હાઈબ્રીડ) (વૃક્ષો-૮૫) ના ઉભા વૃક્ષો સંશોધન કાર્ય માટે કાપણી કરી લઈ જવાના ઈજારોના ભાવપત્રકો ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઈસમોએ કેન્દ્ર ખાતેથી ઉપરોક્ત વૃક્ષોની કાપણી માટેના અલગ અલગ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરી ખાતેથી રૂા.૬૦૦ (છસો પુરા) રોકડા ભરીને ટેન્ડર ફોર્મ મેળવી તેની સાથે ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/- (દસ હજાર પુરા)નો **"DDO, College of Forestry, NAU, Navsari"** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ/ ચેક પોતાના ભાવો સાથે ઈજારદારની સહી-સિક્કાવાળી બોલીઓ અને શરતો સીલબંધ કવરમાં (કવર ઉપર '(૧) બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો (૨) સાગ અને (૩) બંગાળી બાવળ (અકેસીયા હાઈબ્રીડ) વૃક્ષો માટેનું ભાવપત્રક' એમ સ્પષ્ટ લખવું) તા.૧૮/૧૦/૨૦૨૪ના રોજ કચેરીના સમય પહેલા ઉપરોક્ત સરનામે રૂબરૂ/ ટપાલ/ કુરીયરથી પહોંચતા કરવાના રહેશે. ડીપોઝીટ વગરના ભાવપત્રકો માન્ય રાખવામાં આવશે નહીં. આવેલ ભવપત્રકો તા.૧૯/૧૦/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી ખાતે કમિટી દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. આવેલ ભાવો કમિટીને યોગ્ય ન લાગશે અને જરૂર જણાશે તો તે જ સમયે અને સ્થળે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. ઈજારાની બોલીઓ અને શરતો અત્રેની કચેરીએથી અથવા **www.nau.in** પરથી જોવા મળશે.

આચાર્ય અને ડીન

માહિતી/નવસારી/૨૭૦/૦૨૦૨૪ વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી

## બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો, સાગ અને અકેસીયા હાઈબ્રીડ વૃક્ષોની કાપણી માટેની હરાજીની શરતો

1. વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી ખાતેના (૧) બાયોડાઈવર્સિટી પાર્કની બોર્ડર પર બિનઅનામત પ્રકારના બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો જેવા કે સોનમોહર, આંબો, નીલગીરી, બોરસલી, જાંબુ અને રાતો સરસડો જેવા કુલ ૪૬ વૃક્ષો, (૨) ઈન્સ્ટ્રક્શનલ ફાર્મ એફ બ્લોક ખાતે આવેલ સાગના કુલ ૪૦ વૃક્ષો અને (૩) જુના હર્બલ ગાર્ડન (હાલ બામ્બુ વર્કશોપ) માં બિનઅનામત પ્રકારના બંગાળી બાવળ (અકેસીયા હાઈબ્રીડ) ના કુલ ૮૫ વૃક્ષોની કાપણી માટેની જાહેર હરાજી માટેના અલગ અલગ ટેન્ડર ફોર્મ ફી રૂ.૬૦૦/– ભરી લેવાના રહેશે. હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અનામત પેટે રૂ. ૧૦,૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક અલગથી વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી ખાતે ભરવાના રહેશે. ડીમાન્ડ ડ્રાફ્ટ **"DDO, College of Forestry, NAU, Navsari"** ના નામનો કાઢ્વાનો રહેશે અને તે જ ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે. જે ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં કે મંજુર કરવામાં આવે તેઓની અનામતની રકમ પાછળથી માલ ઉપાડવાની કામગીરી પુરી થયા બાદ પરત કરવામાં આવશે અને બાકીના ઈજારદારની અનામત રકમ તુરંત પરત કરવામાં આવશે. સંજોગોવસાત ચુકવણું કરવામાં મોડું થાય તો ઈજારદાર દ્વારા વ્યાજનો કલેઈમ કરી શકાશે નહી. ઈજારદારે (૧) બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો–૪૬, (૨) સાગના વૃક્ષો–૪૦ અને (૩) બંગાળી બાવળ (અકેસીયા હાઈબ્રીડ) વૃક્ષો–૮૫ ની જાહેર હરાજી માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ ભરવાના રહેશે. ઉપર મુજબના વૃક્ષોની વિગતો તથા તેમની સંખ્યા નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| અ.નં | ફાર્મનું નામ | પ્લોટ નામ/ નંબર | વૃક્ષોનું નામ | વૃક્ષોની સંખ્યા | ટેન્ડર ફોર્મ ફી (રૂ.) | ડીપોઝીટ રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | બાયોડાઈવર્સિટી પાર્ક | એ બ્લોક | બિનઅનામત પ્રકારના બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો | ૪૬ | ૬૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૦૨ | ઈન્સટ્રકશનલ ફાર્મ | એફ બ્લોક | સાગ | ૪૦ | ૬૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૦૩ | જુના હર્બલ ગાર્ડન (હાલ બામ્બુ વર્કશોપ) | બી બ્લોક | બંગાળી બાવળ (અકેસીયા હાઈબ્રીડ) | ૮૫ | ૬૦૦/– | ૧૦,૦૦૦/– |

2. હરાજી બાદ તુરંતજ જેમનું ટેન્ડર સ્વીકારવામાં આવે તેમણે (ઈજારદારે) તેમની હરાજીઓની કુલ રકમના ૨૫ ટકા નાણાં તથા માલની કુલ કિંમતનો સેલટેક્ષ અને ધારાધોરણ મુજબના અન્ય ટેક્ષના નાણાં પણ ભરવાના રહેશે. બાકીની ૭૫ ટકા રકમ હરાજીની તારીખથી દિન–૧૫ માં અથવા માલ ઉપાડતા પહેલા, બે માંથી જે તારીખ વહેલી હશે તે તારીખે ભરવાના રહેશે. ઈજારાની રકમ આપેલ મુદતમાં જમા કરવામાં નહી આવેશે તો અનામત રકમ જપ્ત કરવામાં આવશે અને ત્યાર બાદ કમિટી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે. ઈજારદાર અધવચ્ચે ઈજારો છોડી કે કેન્સલ કરશે તો ઈજારદારને બ્લેક લીસ્ટ કરવામાં આવશે તેમજ કચેરીની કોઈ પણ હરાજીમાં ભવિષ્યમાં ભાગ લેવાદેવામાં આવશે નહી.
3. હરાજી નિયત કરેલ સ્થળ કે જગ્યાએથી કરવામાં આવશે. જેમનો ઈજારો મંજુર થાય તે ઈજારદારે સ્લીપ ઉપર અચુક સહી કરવી પડશે.
4. હરાજી દરમ્યાન ભાવ કે બોલી માન્ય કે અમાન્ય રાખવી અથવા સ્વીકારવી કે ન સ્વીકારવાની સત્તા કમીટીની રહેશે. આમ છતાં જો કોઈ વિવાદ ઉભો થાય તો તેના નિર્ણયની આખરી સત્તા કમીટીની રહેશે. આ નિર્ણય બધાને બંધન કર્તા રહેશે.
5. ટેન્ડર દ્વારા આવેલા ભાવ કમિટીને ઓફ્સેટ વેલ્યુ કરતા નીચે જણાતા તે જ સ્થળે કમિટીના અભિપ્રાય મુજબ ટેન્ડર ભરનાર પાર્ટીઓ વચ્ચે તે જ તારીખે અને સમયે જાહેર હરાજીથી કરવામાં આવશે. જે અંગે કોઈ ઈસમનો વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી. હરાજી દરમ્યાન જે બોલી બોલવામાં આવશે તે બોલી સ્વીકારવી કે ન સ્વીકારવી તે બાબતની સત્તા કમીટીની રહેશે. આમ છતાં કોઈ વિવાદ ઉભો થાય તો તેનો આખરી નિર્ણય નીચે સહી કરનાર આપે તે છેવટનો ગણાશે અને તે બધાને બંધન કર્તા રહેશે.

6. હરાજીમાં ભાગ લેનાર દરેક ઈસમે હરાજીની શરતો બંધનકર્તા છે એ અંગેનું બાંહેધરી પત્રક સહી કરી આપવાનું રહેશે. સહી ન કરનાર ઈસમોને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહી અને બોલી સ્વીકારવામાં આવશે નહી.
7. હરાજીમાં ભાગ લેનાર ઈસમ કે ઈજારદારે જાતે માલ જોઈ તપાસી માલની ખાત્રી કરીને બોલી બોલવાની રહેશે. હરાજી મંજુર થયા પછી માલની જાત કે માલના કમીપણા બદલની કોઈપણ તકરાર સાંભળવામાં આવશે નહી.
8. જો કોઈપણ ઈસમ બીજા ઈસમ માટે તેની અવેજીમાં બોલી બોલવા કે હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા હશે તો તેમણે પોતાના નામની કોર્ટે પ્રમાણીત કરેલ પાવર ઓફ એર્ટનીનો (મુખત્યાર) પત્ર આપવાનો રહેશે.
9. ન્યાયની અદાલતમાં શિક્ષા પામેલા, નૈતિક અધઃપતનના ગુન્હા સબંધમાં શિક્ષા પામેલા, બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ થયેલા, નાદારી નોધાયેલ કે નાદાર જાહેર થયેલ અને ૧૮ વર્ષથી અંદરના ઈસમને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. આમ છતાં આવી જાણ માંગણી સ્વીકારાય બાદ કમીટીના કે નીચે સહી કરનારના ધ્યાનમાં આવશે તો તેવા ઈસમોની માંગણી રદ કરવામાં આવશે અને ઈસમની ડીપોઝીટની રકમ જપ્ત કરી નવસારી કૃષિ યુનિવર્સિટીમાં જમાં કરાવવામાં આવશે.
10. હરાજીમાં મુકવામાં આવેલ વૃક્ષો હરાજી રાખનાર ઈજારદારે જાતે પોતાના ખર્ચે જમીન લેવલથી કાપી લઈ જવાના રહેશે.
11. હરાજી રાખનાર ઈજારદારે માર્કીંગ કરેલા ઝાડ સિવાય કોઈ પણ ઝાડ કાપી શકશે નહી.
12. અનામત પ્રકારના સાગના વૃક્ષોનો ઈજારો રાખનાર ઈજારદારે સાગના ઝાડ પ્રમાણે અલગ અલગ ઢગલા કરવાના રહેશે અને વન ખાતાની ચકાસણી બાદ વાહતુક પાસની નીયત ફી સરકારશ્રીમાં ભરપાઈ કરી વાહતુક પાસ મેળવી મુદદામાલ વાહતુક થઈ શકશે.
13. હરાજી રાખનાર ઈજારદાર કે તેના રાખેલ માણસો મારફત માલ કે વૃક્ષની કાપણી દરમ્યાન કોલેજ ફાર્મ કે યુનિ. ની સ્થાવર કે જંગમ અથવા અન્ય ઉભા પાકને નુકશાન થશે તો તેની જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાનીની રકમ ભરપાઈ કર્યા સિવાય માલ ઉપાડવા દેવામાં આવશે નહી.
14. હરાજીમાં રાખેલ વૃક્ષોને કાપતી વખતે આજુબાજુથી પસાર થતી ઈલેકટ્રીક, ઈન્ટરનેટ કેબલ કે ટેલીફોન લાઈનને નુકશાન ન થાય તે રીતે કાપવાના રહેશે. આમ છતાં જો નુકશાની થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને નુકશાની ભરપાઈ થાય બાદ જ માલ ઉપાડવા દેવામાં આવશે. ઈલેકટ્રીકલ લાઈન છોડાવવા તથા બંધ કરાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.
15. અનિવાર્ય સંજોગોમાં હરાજી રાખનાર ઈજારદાર ઉપર જણાવેલ મુદત દરમ્યાન માલના નાણાં ભરપાઈ કરી શકશે નહી તો ૧૫ દિવસમાં બે વાર માલ ઉપાડવા માટે નોટીશ અપાશે જો ઈજારદાર આ ૧૫ દિવસમાં નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ જશે તો આ માલની હરાજી નીચે સહી કરનાર તેની સત્તાની રુએ ફરીથી કરાવશે. જે અંગે ઈજારદારનો હક્ક રહેશે નહીં.
16. હરાજીમાં રાખેલ માલની સંપુર્ણ જવાબદારી હરાજી માન્ય થયાની તારીખથી ઈજારદારની રહેશે. હરાજીમાં રાખેલ માલની ચોરી, નાશ કે ગુમ થયા બદલ અથવા કુદરતી આફત, આગ કે અન્ય હોનારતને કારણે જે નુકશાન થાય તેની જવાબદારી આ સંસ્થાની રહેશે નહી. આ માટે ઈજારદાર પોતે જવાબદાર રહેશે.
17. હરાજીમાં રાખેલ માલ/ઝાડ(વૃક્ષ) જે તે સ્થળેથી ઉપાડવાનો રહેશે અને આચાર્ય અને ડીન વનીય મહાવિદ્યાલય, પાસેથી ગેટ પાસ મેળવી ફાર્મના મુખ્ય દરવાજેથી ગેટ પાસ બતાવી નિયત કરેલ રસ્તા પરથી કચેરી સમય દરમ્યાન માલ લઈ જવાનો રહેશે. ગેટ પાસ સિવાય વાહન બહાર નીકળવા દેવામાં આવશે નહી. આ માટે ઈજારદાર ગુનેગાર ગણાશે અને દંડને પાત્ર થશે. આવો દંડ નીચે સહી કરનાર નક્કી કરે તે ભરવાનો રહેશે. હરાજીના લાકડા કચેરી સમય દરમ્યાન જ ભરીને લઈ જવાના રહેશે.
18. હરાજી થયા બાદ બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો, સાગ અને બંગાળી બાવળ (અકેસીયા હાઈબ્રીડ) માલ/ઝાડ(વૃક્ષ) કાપીને લઈ જવાની મુદત હરાજી થયાની તારીખથી ૧ (એક) માસ રહેશે. આ સમયબાદ મુદત લંબાવી આપવામાં આવશે નહીં.
19. હરાજી રાખનાર ઈસમ કે ઈજારદાર સંસ્થાની હદમાં માલને બીજા ઈસમના નામે ટ્રાન્સફર કરી શકશે નહી કે તેનો સબકોન્ટ્રાકટ આપી શકશે નહીં.
20. રાજ્ય સરકારશ્રીના ધારાધોરણો અનુસાર સેલટેક્ષ કે અન્ય સ્થાનિક વેરા અને આ અંગેના વેરાઓ અને કાયદાકાનૂન અનુસાર વર્તવાની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે સંસ્થા જવાબદાર રહેશે નહી. પરંતુ ઈજારદારે આવા કલીયરન્સ સર્ટીફિકેટ બતાવવાના રહેશે.

21. ઉપરોકત શરતોના અર્થ અને અમલ અંગે કોઈકવાર વિવાદાસ્પદ બાબતો ઉપસ્થિત થાય તો ઈજારદાર કોર્ટનો આશરો લઈ શકશે નહીં, પણ આ અંગે નીચે સહી કરનારનો નિર્ણય કે ચુકાદો આખરી અને છેવટનો ગણાશે. આ ચુકાદો ઈજારદારને બંધનકર્તા રહેશે. શરતી ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. કાનુની બાબતોમાં નવસારી કાનુની સત્તામંડળ રહેશે.

22. હરાજી રાખનાર ઈસમોએ તેઓનું હાલ તેમજ કાયમી રહેઠાણનું સરનામું તથા તેના પુરાવા તેમજ ફોન નંબર આપવાને રહેશે અને ટપાલ પરત આવશે તો તેમને અત્રેથી મોકલેલ સુચનાઓ મળી ગયેલ છે, તે માન્ય/ગ્રાહ્ય રાખેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

23. હરાજીની શરતોને સંપુર્ણ સ્વસ્થ અને સભાન રીતે વાંચી છે, તેમજ વાંચી સંભળાવેલ છે, તે શરતો મને માન્ય છે અને તેનો ચુસ્ત પણે અમલ કરવા બંધાયેલ છું. જે માટે મારી સહી કરી સંમતી દર્શાવેલ છે.

24. અર્નેસ્ટ મની ડીપોઝીટ નીચે મુજબના કારણોસર જપ્ત કરવામાં આવશે (૧) ભાવ/બોલી આપ્યા પછીથી ભાવ / બોલી પાછી ખેંચશે તો (૨) ટેન્ડર શરતો અને નિયમો મુજબ અમલ નહીં કરી શકે તો (૩) આર્ડરની પુરેપુરી કે અંશતઃ કામગીરી ન કરી શકે તો અર્નેસ્ટ મની ડીપોઝીટ ના નાણાં પરત મળશે નહી.

25. ઈજારદારે પોતે રાખેલ કામદારોના નામ અને સરનામા જે તે કચેરીને આપવાના રહેશે.ઈજારાદારે તેમના મજુરોને રહેવા તથા પીવાના પાણીની વ્યવસ્થા પોતે જ કરવાની રહેશે. વૃક્ષો કાપતી વખતે કાર્ય કરતા મજુરો પુખ્ત વયના હોવા જોઈએ અને તેમના નામ, પુરૂ સરનામુ તથા આધાર કાર્ડની નકલ જમા કરવાની રહેશે. ઈજારાદાર દ્વારા રાખવામાં આવેલ મજુરોને કામ દરમ્યાન ઈજા કે અકસ્માત સર્જાયતો તે અંગેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

**આચાર્ય અને ડીન**
વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી

તા. ૨૪/૦૯/૨૦૨૪
નવસારી

ઉપરોકત શરતો મેં વાંચેલી છે અને મને માન્ય છે.

**ઈજારદારની સહી**

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

# વનીય મહાવિદ્યાલય

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી- ૩૯૬ ૪૫૦ (ગુજરાત)**

તા.    /૧૦/૨૦૨૪

## ટેન્ડર ફોર્મ (૧)

પ્રતિ,
ડીનશ્રી,
વનીય મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે , આપના બાયોડાઈવર્સિટી પાર્ક હસ્તકના બિનઅનામત પ્રકારના બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો ના કુલ નંગ-૪૬ વૃક્ષોની હરાજી થવાની છે. તે હરાજીમાં હું ભાગ લેવા માંગુ છું. મારો ઉચ્ચક બંગાળી બાવળ તેમજ અન્ય પરચુરણ વૃક્ષો ના લાકડાનો ભાવ રૂ..............................(અંકે રૂપિયા..........................................................................................................) નો રહેશે. તો તે માન્ય રાખવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઈજારદારનું પુરેપુરૂ નામ | : | ................................................................................ |
| ૨ | પેઢી (Firm) નું નામ | : | ................................................................................ |
| ૩ | ઈજારદારની ઉંમર | : | ................................................................................ |
| ૪ | ઈજારદારનું પુરેપુરૂ સરનામુ | : | ................................................................................<br>................................................................................ |
| ૫ | મોબાઈલ નંબર | : | ................................................................................ |
| ૬ | ટેન્ડર ફોર્મની વિગત | : | (૧) ટેન્ડર ફોર્મની રકમ રૂ..................................................<br>(૨) ડીમાન્ડ ડ્રાફટ/ચેકથી (નંબર લખવો)......................... |
| ૭ | ઈજારદારે હરાજીમાં ભાગ લેવા માટે ભરેલ અનામતની વિગત | | (૧) અનામતની રકમ રૂ..................................................<br>(૨) ડીમાન્ડ ડ્રાફટ/ચેકથી (નંબર લખવો).........................<br>................................................................................................ |

લિ. આપનો વિશ્વાસુ

ઈજારદારની સહી : ......................................

ઈજારદારનું નામ :.......................................

# વનીય મહાવિદ્યાલય

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી- ૩૯૬ ૪૫૦ (ગુજરાત)**

તા.    /૧૦/૨૦૨૪

## ટેન્ડર ફોર્મ (૨)

પ્રતિ,
ડીનશ્રી,
વનીય મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે , આપના ઇન્સટ્રકશનલ ફાર્મ હસ્તકના સાગના વૃક્ષો કુલ નંગ-૪૦ વૃક્ષોની હરાજી થવાની છે. તે હરાજીમાં હું ભાગ લેવા માંગુ છું. મારો ઉચ્ચક સાગના વૃક્ષોના લાકડાનો ભાવ રૂ..................................(અંકે રૂપિયા..........................................................................................................)નો રહેશે. તો તે માન્ય રાખવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઈજારદારનું પુરેપુરૂ નામ | : | .............................................................................. |
| ૨ | પેઢી (Firm) નું નામ | : | .............................................................................. |
| ૩ | ઈજારદારની ઉમર | : | .............................................................................. |
| ૪ | ઈજારદારનું પુરેપુરૂ સરનામુ | : | .............................................................................. |
| | | | .............................................................................. |
| ૫ | મોબાઈલ નંબર | : | .............................................................................. |
| ૬ | ટેન્ડર ફોર્મની વિગત | : | (૧) ટેન્ડર ફોર્મની રકમ રૂ................................................ |
| | | | (૨) ડીમાન્ડ ડ્રાફટ/ચેકથી (નંબર લખવો)........................ |
| ૭ | ઈજારદારે હરાજીમાં ભાગ લેવા માટે ભરેલ અનામતની વિગત | | (૧) અનામતની રકમ રૂ................................................ |
| | | | (૨) ડીમાન્ડ ડ્રાફટ/ચેકથી (નંબર લખવો)........................ |
| | | | .............................................................................................. |

લિ. આપનો વિશ્વાસુ

ઈજારદારની સહી : .........................................

ઈજારદારનું નામ :.........................................

# વનીય મહાવિદ્યાલય

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી- ૩૯૬ ૪૫૦ (ગુજરાત)**

તા.   /૧૦/૨૦૨૪

## <u>ટેન્ડર ફોર્મ (૩)</u>

પ્રતિ,
ડીનશ્રી,
વનીય મહાવિદ્યાલય
નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે, આપના જુના હર્બલ ગાર્ડન (હાલ બામ્બુ વર્કશોપ) હસ્તકના બંગાળી બાવળ (અકેસીયા હાઇબ્રીડ) ના કુલ નંગ- ૮૫ વૃક્ષોની હરાજી થવાની છે. તે હરાજીમાં હું ભાગ લેવા માંગુ છું. મારો ઉચ્ચક બંગાળી બાવળ (અકેસીયા હાઇબ્રીડ) વૃક્ષોના લાકડાનો ભાવ રૂા. ............................(અંકે રૂપિયા..........................................................................................)નો રહેશે. તો તે માન્ય રાખવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઈજારદારનું પુરેપુરૂ નામ | : | ........................................................................... |
| ૨ | પેઢી (Firm) નું નામ | : | ........................................................................... |
| ૩ | ઈજારદારની ઉમર | : | ........................................................................... |
| ૪ | ઈજારદારનું પુરેપુરૂ સરનામુ | : | ........................................................................... |
| | | | ........................................................................... |
| ૫ | મોબાઈલ નંબર | : | ........................................................................... |
| ૬ | ટેન્ડર ફોર્મની વિગત | : | (૧) ટેન્ડર ફોર્મની રકમ રૂા............................................... |
| | | | (૨) ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેકથી (નંબર લખવો)........................ |
| ૭ | ઈજારદારે હરાજીમાં ભાગ લેવા માટે ભરેલ અનામતની વિગત | | (૧) અનામતની રકમ રૂા............................................... |
| | | | (૨) ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેકથી (નંબર લખવો)........................ |
| | | | ........................................................................................... |

લિ. આપનો વિશ્વાસુ

ઈજારદારની સહી : .....................................

ઈજારદારનું નામ :.........................................